ક્રિ.કેસ.નંબરઃ–૧૨૦૦૪૯૧/૧૧

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૮ મુજબ આંક–૦૧ નીચે હુકમઃ–**

(૧) આ કામે રોજકામ વંચાણે લેતાં આરોપીઓ ઘણા લાંબા સમયથી કોર્ટમાં મુદતે હાજર રહેતા નથી અને તેઓની સામે પકડવોરંટ તથા તેના જામીનદારને નોટીસ કાઢવામાં આવેલ, તેમ છતાં બજવણી થતી નથી. આમ, હાલના કેસમાં પોલીસ એજન્સીને અનેક તક આપવા છતાં, આ આરોપીઓને વોરંટની બજવણી કરાવી તેની હાજરી સુરક્ષિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. હાલનો કેસ તે સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ છે પ્રોસીડીગ જોતા હાલનો કેસ ઘણા સમયથી મૃતપ્રાય અવસ્થામાં આવેલ છે.

આજ રોજ લોક અદાલત અને મેજીસ્ટ્રેટ માટે સ્પેશ્યલ સીટીગનુ આયોજન કરવામાં આવેલ છે. જે અંગે જુદા જુદા પત્રો અન્વયે કેસો ફેસલ કરવા માટેની જે માગદર્શિકાઓ આવેલ છે તે લક્ષમાં લેતા જુના અને મૃતપ્રાય કેસોમાં ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૮ નો ઉપયોગ કરી ફેંસલ કરવા માટે સૂચન કરવામાં આવેલ છે તથા આજ રોજ મેજીસ્ટ્રેટ માટે સ્પેશ્યલ સીટીગનુ પણ આયોજન કરેલ છે.

હાથ ઉપરના કેસમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ હુકમ કરી શકાય કે કેમ? તે અંગે સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ, ૧૯૯૭ (૩) જી.એલ.આર. ૧૯૪૬ તથા પી. આર. રાવ વિ. સ્ટેટ ઓફ કર્નાટકા, ૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯ તથા વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓનો અભ્યાસ કરતા પણ તેમાંથી એવું તારણ નીકળેલ છે કે,

Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of any accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, Where the Magistrate does not find it possible to disposed of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as here in above stated, in such a situation it would be open to the Magistrate to stop further proceedings of the case. **Section 258 of the Code can be restored to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time** or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way.

નામદાર સર્વોચ્ચ અદાલતે **Renuka Vs. State of Karnataka & ANR. [2009] INSC 363 (18 February 2009)** ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, મેજીસ્ટ્રેટે કલમ–૨૫૮ હેઠળ કેસની કાર્યવાહી બંધ કરવાનો આદેશ કરેલ હોય તે કેસમાં પણ જો મેજીસ્ટ્રેટને સંતોષ થાય કે કાર્યવાહી ફરીથી શરુ કરવા માટે પુરતા કારણો છે, તો મેજીસ્ટ્રેટ આ માટેના કારણો નોંધીને કેસની કાર્યવાહી ફરીથી શરુ કરી શકે છે. આ ચુકાદાવાળા કેસની હકીકતો જોતાં આ કેસમાં પણ મેજીસ્ટ્રેટે આરોપીઓ મળી આવતા ન હોવાથી કેસની કાર્યવાહી બંધ કરવાનો આદેશ કરેલ હતો.

હાથ ઉપરના કેસમાં પણ આરોપીઓને વોરંટની બજવણી કરી હાજર રખાવવા સારુ પોલીસને વ્યાજબી તક આપવા છતાં પોલીસ એજન્સી આરોપીઓને હાજર રખાવી શકેલ નથી કે વોરંટ બજાવી શકેલ નથી. જેથી ટ્રાયલ ચલાવવી લગભગ અશકય બની ગયેલ છે અને નજીકના ભવિષ્યમાં પણ પોલીસ આરોપીઓને શોધીને રજુ કરી શકે તેવી શકયતા અગાઉનું પ્રોસીડીગ જોતા જણાતું નથી. જેથી, ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ વંચાણે લેતા આ કામે હાલના આરોપી સામે કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડનો પર્યાય જોતા, ભવિષ્યમાં આરોપીઓને અગર ફરીયાદપક્ષ પોલીસ રજુ કરે તો કે આરોપીઓ સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) મુજબ નવેસરથી શરૂ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહિ તથા તેવા કિસ્સામાં આ કોર્ટે ઉપરોકત કલમ મુજબ કાર્યવાહી કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી માહે સપ્ટેમબ્ર સને–૨૦૧૯ ના રોજ ની મેજિસ્ટ્રેટ તરીકેની ખાસ સીટીગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ–૧૪/૦૯/૨૦૧૯
સ્થળઃ અમદાવાદ.

(ચેતના જયંતીલાલ પટેલ)
કોડ નંબર જી.જે.૦૧૦૫૬
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજી.,
કોર્ટ નં. ૧૨, અમદાવાદ.